અનામત અને રોસ્ટર પ્રથા-જગ્યા આધારિત આર. કે. સભરવાલ અને અન્ય વિરુધ્ધ પંજાબ સરકાર અને અન્યના **કેસમાં નામ. સર્વોચ્ચ અદાલતના ચુકાદાના અમલીકરણ** અંગે સ્પષ્ટતાઓ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : પવસ-૧૦૯૬-મુમ-૧૩/ગ-૪
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૬/૧૨/૨૦૦૪

વંચાણે લીધા :- (૧) સા.વ.વિ. નો તા. ૨૫-૬-૮૨ના ઠ. ક્ર. પવસ-૧૧૮૨/૫૧૨/ગ-૩.
(૨) સા.વ.વિ. નો તા. ૮-૩-૯૯નો ઠ. ક્ર. પવસ-૧૬૯૨/૮૭૮/ગ-૪.
(૩) સા.વ.વિ. નો તા. ૩૧-૮-૯૯નો પ. ક્ર. પવસ-૧૬૯૬/૮૭૮/ગ-૪.
(૪) સા.વ.વિ. નો તા. ૨૯-૧-૨૦૦૦નો ઠ. ક્ર. પવસ-૧૦૯૯/મુમ/૧૩/ગ-૪.
(૫) સા.વ.વિ. નો તા. ૧-૩-૨૦૦૦નો ઠ. ક્ર. પવસ-૧૦૯૮/૧૭૩૦/ગ-૪.
(૬) સા.વ.વિ. નો તા. ૫-૯-૨૦૦૦ના ઠ. ક્ર. પવસ-૧૬૯૬/૮૭૮/ભાગ-૨૭/ગ-૪.
(૭) સા.વ.વિ. નો તા. ૧૫-૨-૦૧નો ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ/૭/ગ-૨.
(૮) ભારત સરકારના કર્મચારીગણ, લોકફરીયાદ અને પેન્શન મંત્રાલયના કર્મચારીગણ અને તાલીમ વિભાગનો તા. ૪-૬-૨૦૦૩નો પત્ર ક્રમાંક : ૩૬૦૨૮/૭/૨૦૦૦/ઇએસટીટી (આરઇએસ)
(૯) સા.વ.વિ. નો તા. ૨૩-૯-૦૩નો પરિપત્ર ક્રમાંક : પવસ/૧૦૯૬/મુમ/૧૩/ગ-૪.

## પરિપત્ર

રાજ્ય સેવાઓ અને જગાઓમાં કોઇપણ ભરતી પ્રસંગે અનામતની જગાઓ કુલ જગ્યાઓની ૫૦ ટકાની મર્યાદામાં નિયત કરવા બાબતે ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) સામેના સા.વ.વિ.ના તા. ૨૫-૬-૮૨ના ઠરાવથી જરૂરી જોગવાઇ કરવામાં આવેલી છે. તેમજ ક્રમ : (૨) સામેના સા.વ.વિ.ના તા. ૮-૩-૯૯ના ઠરાવથી પણ કુલ અનામત કોઇપણ સંજોગોમાં સંવર્ગના ૫૦% થી વધે નહિ તે ધ્યાનમાં રાખીને રોસ્ટર ક્રમાંકો તૈયાર કરવા તેમજ તેની અમલવારી અંગેની જોગવાઇ કરવામાં આવેલી છે. જે અંગે ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ (૩) સામેના સા.વ.વિ.ના તા. ૩૧-૮-૯૯ના પરિપત્રના મુદ્દા ક્રમાંક (૧૬) માં વિશેષ સ્પષ્ટતા કરેલી છે. અનામત વર્ગોને અપાતી છુટછાટ અને રાહતો સંદર્ભમાં ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમઃ (૪) સામેના સા.વ.વિ.ના તા. ૨૯-૧-૨૦૦૦ના પરિપત્રથી જે વ્યક્તિઓ અનામતના હિસાબે નહિ પરંતુ તેમની પોતાની ગુણવત્તાને આધારે પસંદગી પામી નિમાયેલા હોય તેમને તેમના અનામત નિર્ધારિત કોટા સામે નહિ પરંતુ બિન-અનામત ઉમેદવાર તરીકે ગણવાના છે તેમાં બિન-અનામત તરીકે કોને ગણવા તે અંગેની વિશેષ સ્પષ્ટતાઓ કરવામાં આવેલી છે. જ્યારે ઉપરોક્ત ક્રમ (૫) સામેના સા.વ.વિ.ના તા. ૧-૩-૨૦૦૦ના ઠરાવથી અનુ. જનજાતિ ૧૪ ટકાની અનામતમાં ૧ ટકાનો વધારો કરી ૧૫ ટકાની ટકાવારી અમલમાં લાવવાનું સરકાર દ્વારા નક્કી થતાં ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ (૬) સામેના સા.વ.વિ.ના તા. ૫-૯-૨૦૦૦ના ઠરાવથી અનુ. જાતિ માટે ૭% અનુ. જનજાતિ માટે ૧૫% અને સા. અને શૈ. પછાત વર્ગો માટે ૨૭% લેખે સુધારેલ જગ્યા આધારિત નમુનારૂપ રાજ્યકક્ષાની સીધી ભરતી માટેના રોસ્ટર ક્રમાંકો પ્રસિધ્ધ કરવામાં આવેલા છે. આમ છતાં કેટલાક મુદ્દાઓ દ્વારા સ્પષ્ટતાઓ અંગે વિવિધ રજૂઆતો સા.વ. વિભાગે મળેલ હતી જે અંગે જરૂર જણાતા સા. વ. વિભાગ દ્વારા ભારત સરકારનું જરૂરી માર્ગદર્શન મંગાવવામાં આવેલ હતું. આ અંગે ભારત સરકારના ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ (૭) સામેના તા. ૪-૬-૦૩ના પત્રથી થયેલ સ્પષ્ટતાઓને અનુલક્ષીને નીચે જણાવેલ મુદ્દાઓ સામે જરૂરી સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવે છે, જેનો અમલ તા. ૮-૩-૯૯ થી કરવાનો રહેશે.

| ક્રમ | મુદ્દો | | સ્પષ્ટતા |
|---|---|---|---|
| ૧. | સા.અને શૈ. પછાત વર્ગો માટે તા. ૧-૪-૭૮ પહેલા અનામતની જોગવાઇ ન હતી. તા. ૧-૪-૭૮ થી આ વર્ગો માટે વર્ગ-૧ અને વર્ગ-૨ માં ૫% અને વર્ગ-૩ અને વર્ગ-૪ માં ૧૦% અનામતની જોગવાઇ કરવામાં આવેલ હતી. જ્યારે તા. ૧-૫-૯૪ થી સા.અને શૈ. પછાત વર્ગો માટે ૨૭% અનામત સરકારી સેવાઓ અને જગાઓમાં રાખવાની જોગવાઇ થયેલી છે. આ સંજોગોમાં નમુનારૂપ જગ્યા આધારિત રોસ્ટરો કઇ રીતે તૈયાર કરી તેનો અમલ રવાનો રહે છે ? | ૧. | જગ્યા આધારિત રોસ્ટરનો અમલ જગ્યા આધારિત અનામત નીતિના અમલ બાબતે સા.વ.વિ.ના તા. ૮-૩-૯૯ના ઠરાવ મુજબ તે તારીખની અનામતની ટકાવારીને ધ્યાને લઇ કરવાનો રહે છે. |
| ૨. | ફક્ત અને માત્ર એક જગાના સંવર્ગમાં અનામત લાગુ પડે છે કે કેમ ? | ૨. | નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડીકલ એન્જીનીયરીંગ અને રીસર્ચ, ચંદીગઢના કેસમાં અપાયેલ ચુકાદા અનુસાર એક જગાના સંવર્ગમાં અનામત |

૨૩૫

| | | | |
|---|---|---|---|
| ૩. | સા.વ.વિ.ના તા. ૮-૩-૯૯ અને તા. ૫-૯-૨૦૦૦ના ઠરાવથી થયેલ જોગવાઇ અને અપાયેલ સૂચનાઓ અનુસાર બે થી વધુ પરંતુ ૧૪ થી ઓછા એવા નાના સંવર્ગોમાં નમુના રૂપ આપેલ રોસ્ટર ક્રમાંકોનો પ્રથમ ઉભા કોલમ અને ત્યારબાદ આડી લાઇનમાં અંગ્રેજી 'L' આકારમાં અમલ કરવાનો રહે છે. પરંતુ આ 'L' આકારમાં અમલવારી પૂર્ણ થઇ ગયા બાદ આ નાના સંવર્ગોમાં કઇ રીતે રોસ્ટરની અમલવારી કરવાની રહે છે ? | ૩. | બેથી વધુ પરંતુ ૧૪ થી ઓછા એવા નાના સંવર્ગોમાં અંગ્રેજી 'L' આકારમાં દર્શાવેલ નમુનારૂપ રોસ્ટર ક્રમાંકોમાં બધા જ ક્રમાંક પૂર્ણ થઇ જાય અર્થાત 'L' આકારમાં અમલવારી પૂર્ણ થઇ ગયા બાદ ફરી એક નંબરના રોસ્ટર ક્રમાંક થી 'L' આકારમાં અમલવારી કરવાની રહે છે. |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**આઈ. એન. સોલંકી,**

નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

------------